૬૦૨/૩,૨૨૫

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫]  (રવિવાર, ૨૦ જુલાઈ, ૨૦૦૩)  [કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧  કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''તમારું એ વ્રત આજથી પૂરું થયું.''
૨. ''તે પાણીનું તમે શું કરશો ?''
૩. ''આજે મોડું કેમ થયું છે ?''

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (નવ લીટીમાં)** ૬

૧. કલ્યાણદાસ લગ્નમંડપમાંથી નીકળી ગયા.
૨. સ્વયંપ્રકાશાનંદ સ્વામી સાધુ થયા.
૩. જેતલપુરની ગણિકાના હાથમાં ફોલ્લા પડી ગયા.

**પ્ર.૩ નીચેના વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. તીર્થોના ત્રણ પ્રકાર **અથવા** સત્સંગિજીવન
૨. કૃપાનંદ સ્વામી **અથવા** સુરાખાચર

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. ગુણાતીતાનંદ સ્વામીએ વાસના ટાળવાનો કયો ઉપાય બતાવ્યો છે ?
૨. આફ્રિકા સત્સંગ મંડળના પ્રણેતા કોણ હતા ?
૩. પ્રમુખસ્વામી મહારાજની માનસીપૂજા કરવી એ શાસ્ત્રસંમત છે. એવું કયા વચનામૃતને આધારે કહી શકાય ?
૪. મહારાજને મારવા જીવાખાચરે કોને મોકલ્યા ?
૫. આત્યંતિક કલ્યાણ ક્યારે થાય ?
૬. સાધુએ કઈ ઇન્દ્રિયને વિશેષે કરીને જીતવી ?





**પ્ર.૫** ભગવાન ને મોટા સાધુને...... **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** ૫

**અથવા**

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૫૪ **નું નિરૂપણ લખો.**

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** ૫

**ટૂંકનોંધઃ- ડોસાભાઈ**

૧. મહારાજ બોલ્યા : ''સંસાર તમને બાધ કરી શકે તેમ નથી.'' ૨. તેમને દીક્ષા આપી ઘનશ્યામાનંદ નામ પાડ્યું. ૩. ચિઠ્ઠી વાંચી ડોસાભાઈએ ભગવાં વસ્ત્રો પહેરી લીધાં. ૪. ડોસાભાઈ ઘરને તાળું મારી પાડોશીને ચાવી આપતા ગયા. ૫. ડોસાભાઈએ કેડિયાની કસુ તોડી નાંખી. ૬. ડોસાભાઈ વણિક જ્ઞાતિના હતા અને સૌ પ્રથમ સરધાર રહેતા હતા. ૭. ડોસાભાઈ ગળા સુધી વ્યવહારમાં ડૂબેલા હતા. ૮. તેઓ સોનાની મૂઠવાળી કિંમતી તલવાર સાથે રાખતા હતા. ૯. ડોસાભાઈ ગોળનાં ગાડાં જોખતા હતા. ૧૦. બંધિયાના જૈન વાણિયા જાન લઈને ગઢડા આવ્યા હતા.

**પ્ર.૭ (અ) નીચેની કોઈપણ બે પંક્તિ પૂર્ણ કરો.** ૪

૧. પચરંગી પુષ્પનાં .............................. શોભે ઘણેરાં.
૨. કે'દિ દેશો મા સંસારી .................. ઈર્ષા કાંઈ.
૩. વહાલા તારા દંત ................................ મીઠું ગાવતા રે લોલ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે ની પૂર્તિ કરો.** ૪

૧. જનમંગલ નામાવલિમાંથી ખૂટતાં નામ પૂર્ણ કરો.
भक्तिनन्दनाय नमः ... ... ... कालिभैर वाद्यतिभीषणाय नमः
૨. निजात्मानं ... ... ... सर्वदा॥
૩. शिक्षार्थमत्र ... ... ... शरणं प्रपद्ये॥

## (વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૮ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **૬**

૧. 'આ ફૂલો સૂંઘો, તેમાં તીર્થમાત્ર આવી ગયાં.'

૨. 'હું સાધુ થવાનો છું અને સુંદરજીને પણ મારી સાથે સાધુ બનાવીશ.'

૩. 'કાણું માથે તૂત નાખો છો ?'

**પ્ર.૯ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ <u>બે</u> વિષે કારણ આપો. (નવ લીટીમાં)** **૬**

૧. શ્રીજીમહારાજે સોરઠ દેશના ભક્તોને પોતાનું અક્ષરધામ બક્ષિસ આપ્યું.

૨. મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને ઓગણીસવાર ભેટ્યા.

૩. નથુ વાળંદને મૂળજી ભક્તનો મહિમા સમજાયો.

**પ્ર.૧૦ નીચેનામાંથી કોઈપણ <u>બે</u> વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** **૮**

૧. સદ્‌ગુરુ કોણ ?

૨. દારિદ્ર્ય ટાળ્યું

૩. વેદાંતીનો પરાજય

**પ્ર.૧૧ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **૫**

૧. કાશી ભણવા જવાની ના પાડતાં મૂળજીએ વશરામમામાને શું કહ્યું ?

૨. ગુણાતીતાનંદ સ્વામી ક્યાં અને ક્યારે ધામમાં પધાર્યા ?

૩. ગોપાળાનંદ સ્વામીએ શિવલાલ શેઠને અંતકાળે શું કહ્યું ?

૪. ગુણાતીતાનંદ સ્વામી જમ્યા પછી પણ કેટલા મઠ જમી ગયા ?

૫. ગુણાતીતાનંદ સ્વામીના જામીન થતાં મહારાજે શું કહ્યું ?

**પ્ર.૧૨ નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** **૪**

૧. દર્શનનો ખપ

૨. 'તમારામાં અખંડ રહ્યો છું'

૩. 'સેવા કરે તે મહંત'





**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** **૬**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. શેરડીના વાઢમાં મૂળજીભક્તને દર્શન આપતા મહારાજે

(અ) સોનેરી મોળિયું ધાર્યું હતું (બ) દક્ષિણી પાઘ પહેરી હતી

(ક) જરકસી જામો પહેર્યો હતો (ડ) પીળું પીતાંબર પહેર્યું હતું

૨. મહારાજનાં દર્શન માટે ગુણાતીતાનંદ સ્વામી

(અ) જોડના સાધુને પાકનો લાડુ આપ્યો

(બ) ગઢડાથી બરવાળા સુધી દોડ્યા

(ક) દેહની દરકાર કર્યા વગર દોડ્યા

(ડ) ચાલુ વરસાદે દોડ્યા

૩. ગુણાતીતાનંદ સ્વામીએ કોને કોને બ્રહ્મસ્થિતિનો અનુભવ કરાવ્યો ?

(અ) પીતાંબરદાસ (બ) કુરજી દવે

(ક) ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી (ડ) વાઘાખાચર

## (વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)

**પ્ર.૧૪ નીચેના વિષયો ઉપર વીસ લીટીમાં વિવરણ લખો.** **૨૧**

૧. અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં

**અથવા**

'મને સ્વામિનારાયણ વળગ્યા છે.'

૨. લક્ષ્મીચંદ શેઠ

**અથવા**

સ્વરૂપાનંદ સ્વામી

૩. મૂંગાને મોઢે વેદ

**અથવા**

ગુણગ્રાહક થવું

❀ ❀ ❀